**//આંક-૦૫ અરજી લગત હુકમ//**

(૧) હાલના અરજદારે આ અરજી વચ્ચગાળાનુ ભરણ પોષણ મેળવવા દાખલ કરેલ છે. અરજી વંચાણે લેવામાં આવેલ છે. અરજદાર તથા સામાવાળાના વિ.વ.શ્રી મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૨) આ કામના અરજદારે માનસર નમ્ર અરજ કે, તેઓએ અત્રેની કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ-૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨ તથા ૨૩ વિગેરે મુજબની અરજી કરેલ છે જે અરજીને આ અરજીનો એક ભાગ ગણવા નમ્ર અરજ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામે કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય તેમજ તેઓને હાલ રહેણાંકની કોઈ વ્યવસ્થા ન હોય, અરજદાર તેઓનાના સગીર સંતાન સાથે હાલ ઓશીયાળુ જીવન વિતાવે છે, આવી કારમી મોંઘવારીના સમયમાં અરજદાર તેઓનુ તથા તેમના બાળકનુ માંડ-માંડ ભરણ પોષણ કરે છે પરંતુ તેઓની આવક તેમના બાળકના ભરણ પોષણ માટે પુરતી નથી જેથી તેઓની ઘરેલુ હિંસાની મુળ અરજી ચલાવવામાં ઘણો લાંબો સમય જાય તેમ હોય, જેથી હાલની આ વચ્ચગાળાની અરજી તાત્કાલીક ભરણપોષણ મેળવવા માટે તેમજ રહેણાંકની વ્યવસ્થા કરવા માટે કરેલ છે.

<u>જેથી આ અરજી કરી દાદ માંગેલ છે કે,</u>

:૧: આ કામના સામાવાળાઓ આ કેસનો આખરી નિકાલ થાય ત્યાં સુધી દર મહીને અરજદાર તથા બન્ને સગીર સંતાનોને વચગાળાની રાહત પેટે ભરણ પોષણના કુલ માસીક રૂ.૫૦,૦૦૦/- ચુકવી આપે તેવો ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

:૨: તેમજ અરજદારને વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા કરી આપવા તથા તેનુ ભાડું સામાવાળા પાસેથી વસુલ લેવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

:૩: તેમજ સામાવાળા સામે માંગવામાં આવેલ કલમ-૧૮, ૧૯, ૨૦, ૨૨ અન્વયે નામ.કોર્ટને યોગ્ય લાગે તેવો

સામાવાળા સામે વચગાળાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે સામાવાળા તરફે અરજદારની મુખ્ય અરજી તથા વચ્ચગાળાની અરજીનો સંયુકત લેખિત જવાબ તથા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સામાવાળા અરજદારને પ્રથમથી જ સારી રીતે રાખતા હતાં આમ છતાં અરજદાર સામાવાળા પર અન્ય સ્ત્રી સાથે સંપર્કમાં રહેતા હોય તેવા ખોટા આક્ષેપો કરતાં હોય સામાવાળા સને ૨૦૧૯ થી જ આ કામના અરજદારથી અલગ રહે છે અને ત્યારબાદ ફો. પ. અ. નં.૬૮/૨૦૧૯ થી સામાવાળા વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ : ૧૨૫ મુજબ ભરણ પોષણની અરજી કરેલ છે જેમાં સામાવાળાએ ક્વોન્ટમથી નક્કી કરેલ રકમ રૂા.૧૨,૦૦૦/– પ્રતિ માસ લેખે અરજદારને ચુકવવી આપવા તેવું નક્કી થયેલ જેથી તે મુજબ આજની તારીખે પણ આ કામના અરજદારને રૂા.૧૨,૦૦૦/– પ્રતિ માસ ગુગલ–પે દ્વારા આ કામના અરજદારને ચુકવી આપે છે. આ કામના સામાવાળા ઉપલેટા મુકામે "હોલીવુડ" નામથી કપડાના શો–રૂમમાં વર્કીંગ પાર્ટનર તરીકે વ્યવસાય કરે છે અને તેમાંથી માસિક રૂ.૩૦,૦૦૦/– જેવી આવક મેળવે છે. તેમજ આ કામના અરજદાર ઉપલેટા મુકામે કોટેજ હોસ્પીટલ પાસે હનુમાનજીના મંદિર પાસે ડો.મકડી મેડમની હોસ્પીટલ નીચે "રામાનંદી રેસ્ટોરન્ટ એન્ડ નાસ્તા હાઉસ" ના નામથી ખાણીપીણીનો ધંધો કરીને માસીક રૂ.૫૦,૦૦૦/– જેવી આવક મેળવતા હોય જેથી અરજદારને હાલની અરજી કરવાની કોઈ જરૂરીયાત ઉત્પન્ન થયેલ ના હોય જેથી અરજદાર સદર કાયદા મુજબ કોઈ દાદો મેળવવા હકકદાર જ નથી. જેથી અરજદારની વચ્ચગાળાની અરજી ના–મંજૂર કરવા અરજ છે અને અરજદારે તમામ અરજીમાં જણાવેલી હકીકતો ખોટી ઉપજાવી કાઢેલ છે જે રદ થવાને પાત્ર છે.

(૪) બન્ને પક્ષે રજૂઆત ધ્યાને લીધી. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા

આ કામના અરજદાર આ કામના સામાવાળાના પત્ની તથા સગીર સંતાનો થાય છે. અરજદાર હાલ તેઓ ઉપલેટા મુકામે કરસનભાઇ બારીયાના મકાનમાં ભાડેથી રહે છે. વધુમાં, અરજદારે પોતાની હાલની અરજીમાં તથા મુખ્ય અરજીમાં જે કથિત આક્ષેપો કરેલ છે તે આક્ષેપો પુરાવાને લગતી બાબત છે. તેમજ સામાવાળાએ તેમના જવાબમાં જે બચાવ લીધેલ છે અને અરજદારે સ્વૈચ્છીક ત્યાગ થયો હોવાની હકીકત જણાવેલ છે તે તમામ બાબત પણ પુરાવાને લગતી બાબત છે.

(૫) અરજદારની અરજી તથા સાધનીક કાગળો વંચાણે લીધા. આ કામના અરજદાર તરફે તેઓ સાથે ઘરેલું હિંસા થયેલ હોવાની હકીકત તેઓએ તેમની અરજીમાં જણાવેલ છે. તેમજ સદર અરજી સાથે અરજદારે આંક-૪ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. જેમાં માર્ક-૪/૧ તથા માર્ક-૪/૨ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જેમાં લગ્ન નોંધણીનુ પ્રમાણપત્ર તથા અરજદારે સામાવાળા વિરૂદ્ધ સને ૨૦૧૯ માં કરેલ ભરણ પોષણ મેળવવા માટેની અરજી રજુ કરવામાં આવેલ છે. વધુમાં, અરજદાર તરફે માર્ક-૧૧/૧ થી ૧૧/૧૦ સુધી દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે જેમાં અરજદારે તેઓની સગીર પુત્રી પાર્થવીની સારવાર અંગેના બિલો રજુ કરવામાં આવેલ છે. તથા અરજદાર તરફે આંક-૬ થી મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામુ રજૂ રાખેલ છે. જેમાં અરજદારે કોલમ-સીમાં પરિવારના આશ્રીત સભ્યોની માહિતીમાં તેઓની સગીર પુત્ર તથા પુત્રી હોવાનુ જણાવે છે અને જેનો માસીક ખર્ચ રૂ.૩૦,૦૦૦/- જણાવેલ છે. તેમજ કોલમ-ઈ માં સામાવાળા નં.૧ નાઓ અરજદારને મહીને રૂ.૧૨,૦૦૦/- ચુકવી આપતા હોવાનુ જણાવેલ છે. જયારે અરજદારે કોલમ-જે માં સામાવાળા હોલીવુડ નામનો કપડાનો શો-રૂમ ધરાવી તેમાથી મહીને રૂ.૨,૦૦,૦૦૦/- જેવુ તેમજ પુનામાં કપડાના ત્રણ શો-રૂમ ધરાવી તેમાંથી પણ મહીને રૂ.૩,૦૦,૦૦૦/- થી રૂ.૩,૫૦,૦૦૦/- જેવી આવક મેળવતા

હોવાનુ જણાવેલ છે તથા ઉપલેટા મુકામે મકાન આવેલ હોવાનુ જણાવેલ છે.

(૬) વધુમાં આ કામે સામાવાળા તરફે આંક–૧૩ થી મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામુ રજૂ રાખેલ છે. જેમાં કોલમ–ઈ માં સગીર સંતાનોનો ખર્ચ તેઓ ભોગવતા હોવાનુ જણાવેલ છે. તેમજ કોલમ–એફ આવકની માહિતીની કોલમમાં સામાવાળાએ જણાવેલ છે કે, હોલીવુડ કપડાની દુકાનમાં વર્કીંગ પાર્ટનર તરીકે કામ કરી માસિક રૂા.૩૦,૦૦૦/– આવક ધરાવે છે. વધુમાં, કોલમ–એચ માં તેઓ ઉપર બેન્કની રૂ. ૫ લાખની લોન હોવાનુ જણાવેલ છે. વધુમાં, કોલમ–જે માં સામાવાળાએ જણાવેલ છે કે, અરજદાર રામાનંદી રેસ્ટોરન્ટ એન્ડ નાસ્તા હાઉસ થી વ્યવસાય કરી માસીક રૂ.૫૦,૦૦૦/– જેવી આવક મેળવતા હોવાનુ જણાવેલ છે. જે બાબતે આ કામના સામાવાળાએ માર્ક–૧૪/૧ તથા માર્ક–૧૪/૨ થી ફોટોગ્રાફ રજુ કરેલ છે.

(૭) વધુમાં ઘરેલું હિંસાના કાયદાની કલમ ૨૩ વંચાણે લેવામાં આવે તો તેમાં જયારે પ્રથમ દર્શનીય રીતે જ ઘરેલુ હિંસા થયેલ હોય, તેવુ કોર્ટને જણાઇ આવતુ હોય, ત્યારે કલમ ૨૩ અન્વયે વચગાળાના જે કોઈ પણ હુકમ થઈ શકે તેવા તમામ હુકમો કરવાની સત્તા રહેલ છે. તેમજ અરજદારને વચગાળાનુ ભરણ પોષણ અપાવવાની સત્તા અત્રેની અદાલતને રહેલી હોવાનુ જણાવવામાં આવેલ છે. આમ, જયારે અરજદાર ઉપર પ્રથમ દર્શનીય રીતે ઘરેલુ હિંસા થયેલી હોય, ત્યારે તેઓ કલમ ૨૩ અન્વયે જે દાદ માંગે છે તેવી દાદ મંજુર કરવી વધુ ન્યાયોચીત જણાઈ આવે છે.

(૮) હાલના કેસમાં અરજદારે આ કામના સામાવાળાને ઉપલેટા મુકામે મકાન આવેલ હોવાનુ તથા સામાવાળા નં.૧ "હોલીવુડ" નામથી કપડાની દુકાન ધરાવે છે અને જેમાંથી વેપાર કરી માસિક રૂ.૨,૦૦,૦૦૦/– જેવી આવક મેળવતા હોવાની હકીકત આ કામના અરજદાર દ્વારા તેઓની અરજીમાં જણાવવામાં આવેલ છે.

પરંતુ તે કથનને સમર્થન કરતા કોઇ દસ્તાવેજી પુરાવા આ તબક્કે અરજદાર તરફે રેકર્ડ પર રજુ થયેલ હોવાનુ જણાતુ નથી તથા સામાવાળા આંક–૧૩ વાળા સોગંદનામામાં જણાવેલ છે કે, તેઓ "હોલીવુડ" કપડાની દુકાનમાં વર્કીંગ પાર્ટનર તરીકે કામ કરી માસિક રૂા.૩૦,૦૦૦/ આવક મેળવે છે. આમ, સામાવાળા નં.૧ માસીક ઓછામાં ઓછી આવક રૂ.૩૦,૦૦૦/– થી રૂ.૪૦,૦૦૦/– જેટલી સરેરાશ ધરાવતા હોવાની આધારો પરથી હાલના તબક્કે માની શકાય તથા તેઓએ પોતાના સોંગદનામામાં જણાવેલ છે કે, તેઓ પર રૂ.૫ લાખની લોનની જવાબદારી છે તથા સામાવાળા દ્વારા આંક–૧૩ એફીડેવીટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, બાળકોનો એટલે કે અરજદાર નં.૨ તથા ૩ નાઓનો અભ્યાસ ખર્ચ તેઓ ચુકવે છે. તેમજ આ કામના સામાવાળા નં.૧ અરજદારોને માસીક રૂ.૧૨,૦૦૦/– ચુકવતા હોવાનુ જણાય આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા હાલના સંજોગો ધ્યાને લેતાં અરજદાર નં.૧ ને માસીક રૂ.૨,૦૦૦/– તથા અરજદાર નં.૨ ને માસીક રૂ.૧,૦૦૦/– તથા અરજદાર નં.૩ ને માસીક રૂ.૧,૦૦૦/– સામાવાળા નં.૧ પાસેથી અપાવવા વધુ ન્યાયોચીત જણાઇ આવતુ હોય, આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**//હુકમ//**

- અરજદારની વચગાળાના ભરણપોષણની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- સામાવાળા નં.૧ નાઓએ અરજદાર નં.૧ ને માસીક **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** તથા અરજદાર નં.૨ ને માસીક **રૂ.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)** તથા અરજદાર નં.૩ ને માસીક **રૂ.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)** એમ કુલ રૂ.૪,૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા) દર માસે વચગાળાના ભરણ પોષણ પેટે અરજી કર્યા તારીખથી ચઢાચઢી ત્રણેય અરજદારોના અરજદાર નં.૧ને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં

આવે છે.

- સામાવાળા નં.૧નાઓએ આ કેસ ચાલતા સુધી અરજદારને કોઈપણ પ્રકારની શારિરીક કે માનસિક હિંસા ન કરવાનો તેમજ કોઈપણ અડચણ, અટકાયત ન કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃફેબ્રુઆરી, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૨/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જયુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઉપલેટા.
UIC–GJ01515.